ઓગષ્ટ ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

દુનિયામાં જેટલા મહાન પુરુષો થઈ ગયા, એ બધામાં સિન્સીયારીટી એક મહત્વનો ગુણ હતો. તેઓએ કોઈ કામને ઓછી કે વધુ મહત્વતા આપી જ નથી કે એને નથી નાનું કે મોટું ગણ્યું. બસ, એક સરખી સિન્સીયારીટીથી હાથમાં લીધેલ દરેક કામ કરતા રહ્યા અને લક્ષને વળગી રહ્યા. અને અંતે સફળતા પ્રાપ્ત કરી.

જો સફળતાની એક ચાવી સિન્સીયારીટી જ હોય તો આપણે પણ એ ચાવીનો ઉપયોગ કેમ ન કરીએ ? પરમ પૂજ્ય દાદાશ્રીએ પણ 'સિન્સીયારીટી' ગુણને ખૂબ વખાણ્યો છે. એ કેવી રીતે કેળવાય એની સુંદર સમજણ પણ આપી છે.

તો આવો, આપણે પણ 'સિન્સીયારીટી' કેળવીએ અને જીવન વ્યવહાર અને મોક્ષની સફળતા તરફ આગળ વધીએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણીકા


દાદાજી કહે છે... ૧
આ તો નવી જ વાત ! ૩
સિન્સીયારીટીથી સફળતા ૪
જાગ્યા ત્યારથી સવાર ૭
ચાલો રમીએ... ૧૦
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૨
તમારી જાતને ચકાસી જૂઓ ! ૧૪
મીઠી યાદેં ૧૬
પૂજ્યશ્રી સાથે બાળકો ૧૭



તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૧૨
સળંગ અંક : ૪૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:- Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



**પ્રશ્નકર્તા** : સિન્સીયારીટી એટલે શું ? એ કેવી રીતે લાવવી ?

**દાદાશ્રી** : સિન્સીયારીટી એટલે ધ્યેયને વળગી રહેવું, પોલ માર્યા વગર. આપણે ધ્યેયને નિરંતર સિન્સીયર રહેવું. સંયોગો પછી ગમે તેવા ડગાવે તેવા આવે, છતાં જેનો નિશ્ચય ડગતો નથી, જે નિશ્ચયને જ સિન્સીયર વર્તે છે તેને વાંધો નથી આવતો. મહીં તો બહુ લબાડો છે (લાલચ, મોહ વગેરે) કે જે સિન્સીયર ના રહેવા દે, પણ જો સિન્સીયર રહે તો પછી એને કોઈ ચીજ નડતી નથી. દા.ત. કીડી મોઢામાં અનાજ ભરીને દીવાલ પર ચડીને એના દરમાં ભરવા જતી હોય તો કેટલીયે વાર પડે છે છતાં એ સિન્સીયરલી ફરી ફરી પ્રયત્નો કર્યા જ કરતી હોય છે. તો સાંજ પડતા એ કેટલાય દાણા દરમાં પહોંચાડવામાં સફળ થઈ જાય છે.



પ્રશ્નકર્તા : એટલે એનો નિશ્ચય જો પાકો હોય તો સિન્સીયર રહેને ?

દાદાશ્રી : પાકો હોય તો જ રહેવાયને ! નહીં તો તો પછી નિશ્ચય જ નથી, તેને શું પછી ? નદી જે બાજુ ખેંચે તે બાજુ જાય, કિનારો તો ક્યાંય રહી ગયો ! નદી આ બાજુ ખેંચે ને આપણે છે તે કિનારે જવાનું જોર રાખવું. દા.ત. પરીક્ષા નજીક હોય અને ઘરમાં બધા પિક્ચર જોતા હોય તો આપણે પણ પિક્ચર જોવા બેસી જઈએ અને રીઝલ્ટ નબળું આવે તો ન સમજાય કે કોઈ નિશ્ચય જ નથી ! પણ પરીક્ષામાં સારા માર્કે પાસ થવું જ છે એવો જો નિશ્ચય પાકો હોય તો આપણું મન પિક્ચર જોવા તરફ લલચાય નહીં અને ભણવામાં એકાગ્રતા રહી શકે.



કોઈને સહેજ પણ ઈનસિન્સીયર ના થવું જોઈએ. એનાથી પોતાની સિન્સીયારિટી તૂટે છે. તો જે માણસ પારકાને સિન્સીયર રહેતો નથી, તે પોતાની જાતને સિન્સીયર રહેતો નથી. અને જ્યાં સિન્સીયારીટી નથી ત્યાં કશું નથી. દા.ત. પોતાના ભાઈને આપણી પાસેથી કંઈ જોઈતું હોય તો બધું આપી દઈએ પણ બીજાને કંઈ જોઈતું હોય તો અમુક આપીએ અને બાકીનું સંતાડી દઈએ. એ પારકાને ઈનસિન્સીયર રહ્યો કહેવાય. સિન્સીયર વ્યાક્તિને તો પોતાની વ્યક્તિ હોય કે બીજા કોઈ હોય, બધાનું સરખું જ ધ્યાન રાખે.



આ સિન્સીયારિટી ગુણ તો ભગવાનની પાસે જવાનો મેઈન રોડ છે, ઠેઠ મોક્ષ ભણી લઈ જાય. જેટલી તમારી 'સિન્સીયારિટી' હોય એટલી દાદાની કૃપા મળે.




# આ તો નવી જ વાત !

એક માણસને તમે 'ઈનસિન્સીયર' રહ્યા, તો તે માણસ તમને મોક્ષે જતાં પકડશે.

કૃપા એટલે 'એવરી ટાઈમ સિન્સીયર.' એ માટે 'કમ્પ્લીટ સિન્સીયારિટી' એકલી જ જોઈએ.

સિન્સીયર રહેવાથી સંસારમાં કોઈ પણ પ્રકારનો ભય ના આવે અને એ ગુણ મોક્ષે લઈ જાય !



જેટલી વસ્તુને તમે 'સિન્સીયર' રહ્યા તેટલી તમે જીત્યા. દા.ત. તમે રોજ તમને સોંપેલું કામ સિન્સયરલી કરી આપતા હો તો જ્યારે જરૂર પડે ત્યારે લોકો તમારું કામ કરી નાખશે.

જેટલા સિન્સીયર હોય એટલી શાંતિ રહે.



હાર્ટિલી હોય ત્યાં સિન્સીયારિટી હોય. બુદ્ધિ હોય ત્યાં ડખા હોય. દા.ત. કોઈ કામ આપ્યું હોય તો હાર્ટિલી વાળો સિન્સીયરલી કર્યા કરે અને બુદ્ધિવાળો વિચારે કે આ કામ નાનું છે કે મોટું, હું બધાની નજરમાં આવીશ કે નહીં વગેરે.

# સિન્સીયારીટીથી સફળતા

શહેરથી પાંચ માઈલ દૂર એક નાનકડું રમણીય ગામ હતું. એ ગામમાં, દસ વર્ષનો ચંદુ એના ગરીબ પરિવાર સાથે રહેતો હતો. રોજ સાંજે ચંદુ અને તેના મિત્રો ગામને છેડે આવેલી એક ટેકરી પર રમવા જતા.

એક સાંજે એ ટેકરી પાસે એક ગાડી આવીને થોભી. ગાડીમાંથી ચાર-પાંચ લોકો બહાર નીકળ્યા. બધા જગ્યાનું નિરીક્ષણ કરવા લાગ્યા. પછી અંદર અંદર થોડી વાતચીત કરી. આ જોઈ ચંદુ અને તેના મિત્રોને કુતુહલતા થઈ. ત્યાં તો એક જણે ચંદુને આવીને પૂછ્યું. "અહીંના મુખી કોણ છે ? અમારે એમને મળવું છે."

ચંદુ એ લોકોને ગામના મુખી પાસે લઈ ગયો. મુખીએ સૌનો ખૂબ આદરપૂર્વક સત્કાર કર્યો. પછી તેમાંની એક વ્યક્તિએ મુખીને એમનો ગામમાં આવવાનો ઉદ્દેશ જણાવ્યો કે, "અમે શહેરથી આવ્યા છીએ, અમારા શેઠને સ્વપ્નામાં દેવીમાનો આદેશ મળ્યો છે કે અહીં માતાજીનું મંદિર બનાવો." આ સાંભળી મુખી ખૂબ રાજી થઈ ગયા, "આ તો બહુ સારી વાત છે. ભગવાન અમારા ગામમાં પધારે, એનાથી વિશેષ શું પુણ્ય હોઈ શકે ?"

"વાત તો સાચી છે પણ એક મુશ્કેલી છે." એ વ્યક્તિએ આગળ કહ્યું, "સ્વપ્નમાં બતાવેલી જગ્યા અમે જોઈ. પણ ત્યાં તો બહુ મોટી ટેકરી છે. ઉપરાંત અહીંયા તો સડક પણ નથી અને કોઈ સાધનની વ્યવસ્થા થઈ શકે તેમ પણ નથી. એટલે અહીંયા મંદિર બનવાનું મુશ્કેલ લાગે છે. એટલે બહુ વિચારણા પછી અમે એવો નિર્ણય લીધો છે કે અહીંયા મંદિર બનવું શક્ય નથી." મુખી નિરાશ થઈ ગયા. એમની નિરાશા જોઈને, એમાંના બીજા એક સભ્ય બોલ્યા, "એમ કરીએ, અમે છ મહિના પછી અહીં ફરી આવીશું. અને અમારી સાથે ફોરેનના બીજા લોકોને પણ લાવીશું, જેથી વધારે યોગ્ય રીતે આ બાબત પર વિચારણા થઈ શકે." આ કહી એમણે વિદાય લીધી. મુખીની ભીની આંખો તેમને જોઈ રહી.

પાસે ઊભેલો ચંદુ, ફરી ટેકરી પાસે દોડ્યો. થોડી વાર ત્યાં ઊભો રહ્યો. પછી જાણે મનોમન કોઈ નિશ્ચય કર્યો હોય એમ મોઢા પર હલકું સ્મિત લઈ પાછો ફર્યો. રાતના સાત વાગે જમીને સૂઈ ગયો. સવારે ચાર વાગે ઊઠીને ઘરેથી એક બાલદી લઈને ટેકરી પર ગયો. બાલદીમાં એ ટેકરી પરના કાંકરા, માટી અને પથ્થર ભરે ને થોડે દૂર જઈને નાખી આવે. પાછો આવે, બાલદી ભરે ને નાખી આવે. આમ જ્યારે જ્યારે એને સમય હોય, ત્યારે એણે આવું કરે રાખ્યું. એમ કરતા કરતા એક અઠવાડિયું વીતી ગયું.

જ્યારે ચંદુના મિત્ર પપ્પુએ ચંદુને આમ કરતા જોયો ત્યારે એને ખૂબ નવાઈ લાગી. "આ શું કરે છે તું ?" પપ્પુએ આશ્ચર્યથી પૂછ્યું. શહેરથી આવેલા લોકો અને દેવીમાના સંદેશ વિશે ચંદુએ પપ્પુને જાણ કરી, "એટલે હું આ ટેકરી ખાલી કરું છું. આવ, તું પણ કર." પપ્પુ પણ ચંદુ સાથે આ કામમાં જોડાઈ ગયો.

એક અઠવાડિયું વીત્યું. ચંદુ તથા પપ્પુના પપ્પાને આ વાતની જાણ થઈ. બન્ને જણને એમના દીકરાઓ પર ગર્વ થયો ને તેઓ પણ જોડાયા. તેઓ ઓજારોથી પથ્થર તોડે અને ચંદુ-પપ્પુ એ પથ્થરને દૂર નાખી આવે. ધીરે ધીરે ગામના લોકોને આ વાતની જાણ થવા લાગી અને સૌ આ કામમાં જોડાવા લાગ્યા. ટેકરી પરથી ખાલી કરેલી માટીનો ઢગલો ના કરતા, સૌએ એને પાથરવા માંડી. જેથી એક સડક તૈયાર થવા લાગી. છ મહિના પૂરા થતા પહેલા તો ટેકરી સપાટ થઈ ગઈ ને લાંબી સરસ સડક દૂરના એક ગામની સડકને જોડાઈ ગઈ.

એટલામાં એક દિવસ એક મોટી ગાડી આવી ને સડક આગળ ઊભી રહી. ચંદુએ ગાડીમાં બેઠેલા અમુક માણસોને જોઈને ઓળખી પાડ્યા અને કહ્યું, "ચાલો, હું તમને અમારા મુખી પાસે લઈ જાઉં" ટીમના લોકો સડક જોઈ આશ્ચર્ય પામ્યા. તેઓએ ગાડી ચંદુની પાછળ પાછળ ચલાવી. ચંદુ ખુશી ખુશી દોડતો ગયો અને બૂમો પાડતો ગયો, "મુખી કાકા, જુઓ કોણ આવ્યું આપણા ગામમાં ! હવે તો ભગવાન આવશે આપણા



ગામમાં.''

મુખીએ બધા મહેમાનોને આવકાર્યા, ચા-નાસ્તો કરાવ્યો અને કહ્યું, ''હવે તો ટેકરી પણ નથી, સડક પણ થઈ ગઈ છે, હવે તો મંદિર થશે ને ?'' ગામમાં આટલા મોટા પરિવર્તનથી ટીમને ખૂબ અશ્ચર્ય થયું. એમના એક ભાઈ બોલ્યા, ''આ તો ચમત્કાર છે, શેઠ બહુ ખુશ થશે. મંદિર જરૂર બનશે. પણ આ થયું કઈ રીતે ?''

મુખીએ ચંદુને આગળ બોલાવ્યો ને એની ચમકતી આંખોમાં જોઈ, એના માથે હાથ ફેરવતા કહ્યું, ''આ કામ છે અમારા આ નાના જાદુગરનું. એની ધગશ અને નિષ્ઠાથી આ બધું શક્ય બન્યું છે. રોજ એ કાંકરો-કાંકરો ખસેડી ડુંગર પાડવા મથતો હતો.''



એક મુરબ્બીએ પૂછયું, "તને આવો વિચાર કઈ રીતે આવ્યો, બેટા?"

ચંદુએ કહ્યું, "મેં કીડીને જોઈ હતી, એ કેવો કણ-કણ ભેગો કરી ડુંગરો ઊભો કરે છે. તો મને થયું કે કણ કણ કરી આ ડુંગરો ખસેડી પણ શકાય ને!"

"પણ તને થાક ના લાગ્યો?" મુરબ્બીએ પૂછયું.

"થાક શેનો? મને તો ખુશી હતી. એક-એક કાંકરો ખસતો જાય તેમ હું મારા ધ્યેયની નજીક જતો'તો ને!" ચંદુએ કહ્યું.

"પણ સવારે ચાર વાગે ઉઠવાનો તને કંટાળો ના આવ્યો કોઈ દિવસ? એમ ના થયું કે આજે રહેવા દઉં?" મુરબ્બીએ ફરી પૂછયું.

ચંદુ કહે, "આવી પોલ મારું તો મંદિરનું કામ રખડી ના પડે? છ મહિનામાં અમારો ધ્યેય પૂરો કરવાનો હતો."

ચંદુની સિન્સીયારીટીથી પ્રભાવિત થયેલા મુરબ્બીએ પ્રશ્નોનો ક્રમ ચાલુ રાખ્યો, "અને જ્યારે બીજા જોડાયા ત્યારે કેવું લાગ્યું?" મુરબ્બીએ સવાલ કર્યો.

"ત્યારે મેં ભગવાનનો આભાર માન્યો કે આપ અમારા ધ્યેયને પૂરો કરવા આટલી સહાયતા કરો છો, તે માટે ખૂબ-ખૂબ આભાર!" ચંદુએ જવાબ આપ્યો.

શહેરથી આવેલા લોકોએ કબૂલ કર્યું કે, "અમે સિન્સીયારીટીથી સફળતા મેળવાય એની વાતો બહુ સાંભળી છે, પણ આજે પ્રત્યક્ષ જોયું. આખા ગામે સાથે મળી આ મંદિરના પ્રોજેક્ટને શક્ય બનાવવા, જે સિન્સીયારીટીથી કામ કર્યું છે, તેના માટે અમે તમારા આભારી છીએ. કાલે જ અમારા શેઠને અહીં આવી ખાતમુહૂર્ત કરવા વિનંતી કરીશું. તેઓ આ સમાચાર સાંભળી ઘણા રાજી થશે."

બીજા દિવસે ખાતમુહૂર્ત થયું. ગામના લોકોને કામ મળ્યું, આવક વધી ને પરિવારમાં સુખ-શાંતિ વધ્યા. થોડા જ સમયમાં મંદિરમાં ભગવાન પધાર્યા, બધાનો આનંદ ઉભરાયો.

તે દિવસથી ગામની સમૃદ્ધિ વધી એની સાથે સાથે મોક્ષના માર્ગ પણ ખુલ્યા!!!




જાગ્યા ત્યારથી સવાર
બેટા ઈન્દ્રવદન, મને વચન આપ કે તું નિષ્ઠાપૂર્વક અને દિલથી આપણા રાજ્યની દેખભાળ કરીશ.
થોડા જ દિવસોમાં રાજા દેહવિલય પામ્યા. રાજકુંવર ઈન્દ્રવદનનો રાજ્યાભિષેક થયો અને પિતાજીને વચન આપ્યા પ્રમાણે રાજકુંવરે રાજ્યની બધી જ જવાબદારી અપનાવી લીધી.
પણ સમય પસાર થતા રાજકુંવર મોજશોખમાં ડૂબી ગયા. ક્યારેક શિકાર તો ક્યારેક સંગીત. પિતાજીને આપલા વચનને પાળવામાં એ બિલકુલ સિન્સિયર ના રહ્યા.
અચાનક એક દિવસ,
રાજાજી, સોનપુરના રાજાએ આપણા રાજ્ય પર આક્રમણ કર્યું છે અને બધું વેરવિખેર કરી નાખ્યું છે. એમનો સામનો કરવા માટે આપણી પાસે કોઈ જ તૈયારી નથી. હવે શું કરીશું ?
. પોતાની જાન બચાવવા માટે રાજા અને એમના મંત્રીઓ વેશપલટો કરીને રાજ્યમાંથી પલાયન થઈ ગયા. રાજાએ ભરવાડનો વેશ ધારણ કર્યો
રાજા જંગલોમાં આમતેમ રઝળતા હતા. ઘણા દિવસોના રઝળપાટ પછી એક દિવસ તેઓ એક સુથારની ઝુંપડીમાં આવ્યાં



બેન, બહુ ભૂખ્યો છું. કંઈ ખાવાનું મળશે?
આવો, બેસો.
ખાવાનું મળશે પણ તમારે મારું એક કામ કરવું પડશે. મારે બહાર ગાયોને દોહવા જવાનું છે. આ ભઠ્ઠીમાં રોટલા મૂક્યા છે. એનું ધ્યાન રાખજો અને ખાસ જોજો કે એ બળી ના જાય.
હા, ચોક્કસ.
ત્યાં ભઠ્ઠી પાસે બેઠા બેઠા રાજાને ઝોકું આવી ગયું રોટલા બધા બળી ગયા અને ઝુંપડીમાં ધુમાડો ફેલાઈ ગયો.
થોડી વાર રહીને,
આ શું ? અરે ઓ આળસુના પીર, ઉઠ. આ શું કર્યું તેં ? આટલું નાનું અમથું કામ પણ બરાબર ના કર્યું ?


આ તો જેવો રાજા એવી એની પ્રજા. નિષ્ઠાહીન રાજાના હિસાબે અત્યારે રાજ્યની કેવી દયાજનક સ્થિતિ છે ! અને આજે આ કામચોરના હિસાબે અમારે ભૂખ્યા રહેવું પડશે.
આ સાંભળી, રાજાને આઘાત લાગ્યો.
પિતાજીને આપેલું વચન મેં નિષ્ઠાપૂર્વક ના નિભાવ્યું, એનું કેવું દુઃખદાયક પરિણામ આવ્યું ! મોજશોખ ખાતર હું મારા ધ્યેયને ભૂલી ગયો. કેવી ભયંકર ભૂલ થઈ ગઈ મારાથી !
એટલામાં તો સુથાર અંદર આવ્યો. એણે રાજાને ઓળખી પાડ્યા.
ચૂપ થઈ જા. તને ભાન પડે છે, તું આ બધું કોને કહી રહી છે ? આ રાજા પોતે જ છે.
ઓ રાજા ! મને માફ કરી દો. મેં કેટલી કઠોરતાથી આપની સાથે વાત કરી.
ના બેન. તેં બિલકુલ સાચું કહ્યું . તારા ઠપકાને હું લાયક છું. મેં તને કહ્યું હતું કે હું રોટલાનું ધ્યાન રાખીશ પણ એટલું પણ હું ધ્યાન ન રાખી શક્યો. કામ નાનું હોય કે મોટું, પણ એક વાર એ કામ કરવાનું નક્કી કર્યું, પછી એને નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. આ વખતે તો હું નિષ્ફળ થયો, પણ હવે નહીં થાઉં. રાજા તરીકેનું મારું કર્તવ્ય મારી રાહ જોઈ રહ્યું છે.

# ચાલો રમીએ...


**૧** નીચે આપાલા ચિત્રમાં રસ્તો શોધો.




**૨** નીચે આપાલા ફુલોમાથી ક્યાં બે એકસરખા ફુલો છે તે શોધી કાઢો...




**૩** નીચે આપેલા ચિત્રના ખાનાની મદદથી બાજુમાં આપેલા ચોરસમાં સુંદર ચિત્ર દોરો..



**૪** નીચે દર્શાવેલા ચિત્રમાં ચાર લેવલ બતાવેલા છે. એક લેવલમાં ત્રણ એકસરખી આકૃતિઓ છુપાયેલી છે, તેવી જ રીતે દરેક લેવલમાં જુદી જુદી ત્રણ આકૃતિઓ છુપાયેલી છે, તે શોધી કાઢો....







# હા..હાહા....હી..હીહી....

**રમેશ :** માનવી મગજ વિના કેટલા વર્ષ જીવી શકે ?
**મહેશ :** મને ખબર નથી, પણ તમારી ઉંમર કેટલી છે ?

રિસેસ દરમિયાન નટખટ બંટીએ બુમ પાડીને કહ્યું, કોઈના બુટ ખોવાયા છે?
**એક વિદ્યાર્થી :** હા, મારા ખોવાયા છે.
**બંટી :** પણ મને તો ફક્ત દોરી જ મળી છે.

**શીક્ષક :** કહો તો છોકરાઓ, જો ગરમી જ ન હોત તો શું થાત ?
**તોફાની ટીકુ :** તો પછી સાહેબ, ઉનાળાની રજા જ ન પડે.




તેતલિપુર નામના રાજ્યમાં કનકરથ નામે રાજા રાજ્ય કરતો હતો. એમને રાજનીતિમાં નિપુણ એવો તેતલિપુત્ર નામે પ્રધાન હતો. રાજ્યમાં એનું ખૂબ માન-સન્માન હતું. રાજા તરફથી પણ એને ખૂબ આદર મળતો. માનભર્યા જીવનના કારણે ધર્મ તરફ એની રુચિ થતી જ નહીં. તેની પત્નીનું નામ પોટ્ટિલા હતું. તેતલીપુત્ર આનંદથી પોટ્ટીલા સાથે રહેતો હતો.

સમય વીતતા તેતલિપુત્રને પોટ્ટિલા પ્રત્યે અભાવ થવા લાગ્યો. તે પોટ્ટિલાને બોલાવતો નહીં. આથી પોટ્ટિલા ઉદાસ અને ચિંતાતુર રહેવા લાગી. એક વાર એમને ત્યાં સાધ્વી સુવ્રતા એમના બે શિષ્યાઓ સાથે પધાર્યા. પોટ્ટિલાએ તેમને પોતાના પતિના પોતા પ્રત્યે થયેલા અણગમાની વાત કરી અને એને દૂર કરવા માટે કોઈ મંત્ર-જાપ વગેરે હોય તો આપવાનું કહ્યું.

સુવ્રતા સાધ્વીજીએ એને કહ્યું, "આવું કંઈ અમારી પાસે ન હોય. અમે તો ધર્મદેશના દઈએ." પોટ્ટિલાને ધર્મદેશના સાંભળવાની ઈચ્છા થઈ. એ સાંભળી પોટ્ટિલાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એને દીક્ષા લેવાનો વિચાર આવ્યો.

જ્યારે પોટ્ટિલા દીક્ષા લેવાની આજ્ઞા માટે તેતલિપુત્ર પાસે ગઈ ત્યારે તેતલિપુત્રએ કહ્યું કે, "તું ચારિત્ર (દીક્ષા) પાળી, આયુષ્ય પૂર્ણ કરીને દેવ થાય અને મને ધર્મદેશના આપવા આવવાનું વચન આપે તો દીક્ષાની રજા આપું." પોટ્ટિલાએ એ વાત કબૂલ કરી અને દીક્ષા અંગીકાર કરી.

તપ આદિ કરી, ઘણા વર્ષનું ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી પોટ્ટિલા સાધ્વી દેવલોકમાં પોટ્ટિલદેવ દેવરૂપે ઉત્પન્ન થયા. વચન અનુસાર તેતલિપુત્રને ધર્મ પમાડવા તેઓ ઘણી વખત જુદી જુદી રીતે આવતા અને એને બોધ આપતા પણ તેતલિપુત્ર ધર્મ પામતો નહીં. તેથી દૈવીશક્તિથી પોટ્ટિલદેવે તેતલિપુત્ર પ્રત્યેના રાજા અને પ્રજાના મનોભાવો બદલાવી નાખ્યા. આથી એવું બન્યું કે રાજા તથા પ્રજા તરફથી તેતલિપુત્રને જે માન-સમ્માન મળતું હતું તે બંધ થઈ ગયું. રાજાએ એની

સામે જોવાનું પણ બંધ કરી દીધું. તેતલિપુત્ર સામેથી બોલાવે છતાં બોલે નહીં.


તેતલિપુત્રને ખૂબ લાગી આવ્યું. ઘરે ગયો તો ત્યાં પણ પુત્ર, માતા-પિતા વગેરેએ તેને બોલાવ્યો નહીં. તેથી તે પોતાના શયનખંડમાં આવી વિચારવા લાગ્યો કે, 'પહેલાં મારું જે સન્માન હતું, તે આજે એકાએક નાશ પામ્યું છે. તો હવે આવું અપમાનિત જીવન જીવવા કરતા મરવું શું ખોટું ?' આમ વિચારીને એમણે આત્મહત્યાના ઘણાં પ્રયાસો કર્યા પણ દર વખતે પોટ્ટિલદેવ એને પોતાની દિવ્યશક્તિથી બચાવી લેતા.

હવે તેતલિપુત્રને વિચાર આવ્યો કે, "જે સંત-મહાત્મા પાપ પુણ્ય, સ્વર્ગ-નર્કની વાતો કરે છે તે સત્ય છે. માત્ર મારી માન્યતા જ જૂઠી છે." આ વિચાર કરતો હતો ત્યારે પોટ્ટિલદેવ પોટ્ટિલાનું રૂપ લઈને તેતલિપુત્ર સમક્ષ આવીને કહ્યું, "હે તેતલિપુત્ર ! કોઈ મનુષ્ય એવી સ્થિતિમાં મૂકાયો છે, જ્યાં ચારે તરફ ભય વર્તે છે. આવા સંયોગોમાં એ મનુષ્યે અથવા આપણે ક્યાં જવું તે કહો."

આ પ્રશ્નના જવાબમાં તેતલિપુત્રએ કહ્યું, "એવા ભયવાળા પ્રસંગમાં ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણના માર્ગે જવું એ જ રક્ષણનું સ્થાન છે."

ત્યારે પોટ્ટિલાએ કહ્યું, "તમે પણ ભય પામેલા છો તો તમે પણ ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણનો માર્ગ આપનાવો." આમ કહી પોટ્ટિલદેવ અદ્રશ્ય થઈ ગયા.


આ સાંભળી તેતલિપુત્ર વિચારે ચડ્યા. બહુ વિચારણાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. તરત દીક્ષા લઈ તેઓ વનમાં ચાલ્યા ગયા અને આત્મકલ્યાણ કરી મુક્તિના માર્ગે આગળ વધ્યા.



# તમારી જાતને ચકાસી જૂઓ !

આ મીડ-ટર્મ પરીક્ષામાં, ગણિતમાં ૧૦૦/૧૦૦ માર્કસ લાવવાનો તમે ધ્યેય નક્કી કર્યો છે. આ ધ્યેય સુધી પહોંચવા માટે, તમને અમુક બાધક કારણો નડશે અને અમુક હેલ્પીંગ કારણો મળશે. નીચે દર્શાવેલી સાપ-સીડીની રમતમાં, સાપ એ બાધક કારણ છે અને સીડી એ હેલ્પીંગ કારણ છે. ટેબલમાં આપેલા કારણો ના ઈક્વેશન સોલ્વ કરી, સાપ નં (**x**) અને સીડીનો નં (**x**) મેળવો.

<u>ઈક્વેશનમાં : સીડી ચઢવાનો પોઈન્ટ '**x**' છે અને સીડી એન્ડ થાય એ પોઈન્ટ '**y**' છે. સાપનું મોઢું એ '**x**' છે. અને સાપની પૂંછડીએ '**y**' છે.</u>




**દા.ત.**

૧. અઘરા દાખલા સોલ્વ કરવાનું મુલતવી રાખવું **x=y**+૨૮.
એ સાપ છે (કારણકે એ ધ્યેય સુધી પહોંચવા માટે બાધક છે.) સાપ નંબર (સાપનું મોઢું) ની શક્યતાઓ છે- ૩૦,૩૬,૭૦,૮૬,૯૯.
આપણા ઈક્વેશનમાં સાપનું મોઢું **(x)** એની પૂંછડી **(y)** કરતા ૨૮ નંબર વધારે છે. એ ખાલી સાપ નં. ૩૬માં શક્ય છે-જેનો **y** (સાપની પૂંછડી નં)=૮ છે.
૩૬ (સાપનું મોઢું) = ૮ (સાપની પૂંછડી)+૨૮

| હેલ્પીંગ કે બાધક કારણ | ઈક્વેશન | સાપ નં. | સીડી નં. |
|---|---|---|---|
| ૧) અઘરા દાખલા સોલ્વ કરવાનું મુલતવી રાખવું | x=y+ 28 | | |
| ૨) પાક્કો નિશ્ચય રાખવો | x=y - 49 | | |
| ૩) ટાઈમ-ટેબલ બનાવવું | x=y - 19 | | |
| ૪) ધ્યેયને વળગી રહેવું | x=y - 20 | | |
| ૫) રોજ ટી.વી. પર ફેવરીટ શો જોવા | x=y+ 18 | | |
| ૬) ફોન પર ગપ્પા મારવા | x=y+ 20 | | |
| ૭) ઈન્ટરનેટ પર કામ વગર સર્ફિંગ કરવું | x=y+ 57 | | |
| ૮) પાર્ટીસ માં જવું | x=y+ 29 | | |
| ૯) રોજ દાદા પાસે ધ્યેયને સિન્સ્યર રહેવાની શક્તિ માંગવી | x=y - 4 | | |
| ૧૦) ટાઈમ-ટેબલ અનુસરવું | x=y - 35 | | |

## પઝલના જવાબો

૪)




## ૨) - ૧ અને ૬

**તમારી જાતને ચકાસી જૂઓ !**

**જવાબ :**

૧) સાપ નં. ૩૬, ૨) સીડી નં. ૨૬, ૩) સીડી નં. ૩૩, ૪) સીડી નં. ૭૩, ૫) સાપ નં. ૩૦,૬) સાપ નં. ૭૦, ૭) સાપ નં. ૯૯,૮, ૮) સાપ નં. ૮૬,૯, ૯) સીડી નં. ૫૯,૧૦, ૧૦) સીડી નં. ૪





# મીઠી યાદે

પરમ પૂજ્ય દાદાશ્રી પૂજ્ય દિપકભાઈને કાયમ કહેતા કે, 'તારામાં સિન્સીયારીટી ગુણ બહુ ઊંચો છે. એ તને ઠેઠ મોક્ષે લઈ જશે.' તો આવો જોઈએ, પૂજ્ય દીપકભાઈની સિન્સીયારીટીની ઝલક.

પૂજ્ય દિપકભાઈ દાદાશ્રીને મળ્યા ત્યારે એમની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી. સત્સંગ પ્રત્યેની એમની રુચી જોઈ પૂજ્ય નીરુમાએ એમને દાદાશ્રીની વાણી લખવાનું કામ સોંપ્યું. દાદાશ્રીનો સત્સંગ ચાલતો હોય ત્યારે પૂજ્ય દિપકભાઈ એક ખૂણામાં બેસીને ચૂપચાપ દાદાશ્રીની વાણી લખતા જાય.

ધીમે ધીમે દાદાશ્રીની વાણી ઓડિયો કેસેટ્સમાં રેકોર્ડ થવા લાગી. ત્યારે કેસેટ્સમાંથી સાંભળીને લખવાનું કામ પૂજ્ય દિપકભાઈ કરવા લાગ્યા. જેમ જેમ નવા ભાઈઓ-બહેનો સેવામાં જોડાતા ગયા. પૂજ્ય દિપકભાઈ એમને દાદાશ્રીની વાણી લખવાની સેવામાં સહભાગી બનાવતા. ધીમે ધીમે બીજી સેવામાં જરૂર પડવાથી ભાઈઓ-બહેનો એમાંથી ખસીને બીજી સેવામાં જોડાતા ગયા. પૂજ્ય દિપકભાઈ ત્યારે પણ એટલી જ સ્વસ્થતા અને વિશાળતાથી બધાને બીજા પ્રોજેક્ટમાં જોડાવા દેતા અને એમનું અધૂરું વાણીનું કામ પોતે પૂરું કરી લેતા. દાદાવાણી, વિવિધ આપ્તવાણીઓ અને અનેક પુસ્તકો પ્રકાશિત કરવામાં પૂજ્ય નીરુમા સાથે તેમણે અડીખમ ઊભા રહી કામ કર્યું છે. આમ છેલ્લા ૪૦ વર્ષથી તેઓ અવિરતપણે વાણીનું કામ સિન્સીયરલી કરી રહ્યા છે.

અને આપણે કોઈ એક કામ ૪ દિવસ પણ એકધારું કરી શકીએ છીએ ખરા?

એક બીજો પ્રસંગ છે, લગભગ ૧૯૭૬-૭૭ની વાત છે. એક વાર પૂજ્ય નીરુમાના સૂચન બાદ પૂજ્ય દીપકભાઈએ દાદાશ્રીને પોતાને જ્ઞાનમાં કેવું રહે છે એ દર્શાવતો પત્ર લખ્યો. દાદાશ્રી પત્ર વાંચીને ખૂબ ખુશ થયા અને બોલ્યા, "આ તો બહુ ઊંચી જાગૃતિ કહેવાય. એક કામ કરજે, કોઈની સાથે સત્સંગ કરવામાં નહીં પડતો. કોઈ પૂછે તો તારે 'દાદાને પૂછો' એમ કહી દેવું."

પછી છેક ૧૯૮૭માં જ્યારે દાદાશ્રીએ એમને અમેરિકા બોલાવ્યા, ત્યારે સત્સંગ કરવાની આજ્ઞા આપી. પણ આ ૨૦ વર્ષ દરમ્યાન પૂજ્ય દિપકભાઈએ દાદાશ્રીની આજ્ઞાને અક્ષરશઃ પાળી. કોઈ એમને સાધારણ રીતે કંઈક પૂછે તો પણ તેઓ તેમને દાદાશ્રીને પૂછવાનું કહી દેતા.

એટલા ગુપ્તપણે રહેતા કે પૂજ્ય નીરુમા બહારના રૂમમાં મહાત્માઓ જોડે સત્સંગ કરતા હોય અને તેઓ અંદરના રૂમમાં ચૂપચાપ વાણીનું કામ કરતા હોય તો કોઈને ખબરેય ન પડે કે તેઓ અંદર છે.

**આવી હતી પૂજ્ય દિપકભાઈની સિન્સીયારીટી.**

# પૂજ્યશ્રી સાથે બાળકો



પ્રશ્નકર્તા : મને મારા પપ્પા મમ્મી સમજતાં નથી. તો એ લોકો સમજે એની માટે મારે શું કરવું ?

પૂજ્યશ્રી : તને સમજતાં નથી ? કેવી રીતે તને ખબર પડી કે તને સમજતાં નથી ?

પ્રશ્નકર્તા : અમૂકવાર હું સાચી હોઉં પણ એ લોકો માને નહીં.

પૂજ્યશ્રી : ક્યા આધારે તું માને છે તું સાચી છું ?

પ્રશ્નકર્તા : એટલે ઘણીવાર એવું થાય કે એમને એમ લાગે કે હું મસ્તી કરું છું, પણ ખરેખર એ સાચું હોય નહીં.

પૂજ્યશ્રી : પણ તને તું નાની હતી કે ત્યારથી માંડીને તને આવડી મોટી કરી તો મમ્મી પપ્પાનો ઉપકાર તો હશેને ? તને જન્મ આપ્યો. તને માંદા-સાજા હોય તો દવા કરી, ભણાવી, કપડાં બધું આપ્યું, તને જમાડે છે. શું તારે આ બધા માટે ઘરે પૈસા આપવા પડે છે ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : એટલે મમ્મી આપણું કેટલું ધ્યાન રાખે છે. હવે નથી સમજતાં તો મમ્મી સાથે વાતો કર કે મારો ભાવ આવો હતો મારી આવી સમજણ છે. તમે શું કહો છો ? સામે સામે બેસીને ખુલાસો કરી લેવાનો. બાકી મમ્મી પપ્પા ધાર્યુ કરવું હોય છે. રમવા જવું હોય, ટી.વી. જોવું હોય કોમ્પ્યુટરમાં ગેમ રમવી હોય, અને મમ્મી ના પાડે. એટલે આપણને થાય કે જો હું બધું ભણીને બેઠી છું અને મારે થોડુંક જ રમવું છે તો પણ મમ્મી ના પાડે છે. એવું થાયને પછી ?

પ્રશ્નકર્તા : હા

પૂજ્યશ્રી : પણ ખરેખર મમ્મી આપણા કરતાં મોટી છે કે નાની છે ?

પ્રશ્નકર્તા : મોટી.

પૂજ્યશ્રી : તો મમ્મીને વધારે સમજણ હશે કે આપણને વધારે સમજણ હશે ?

પ્રશ્નકર્તા : મમ્મીને.

પૂજ્યશ્રી : તો પછી મમ્મીની સમજણ પ્રમાણે ચાલવું જોઈએ કે આપણી સમજણ પ્રમાણે ચાલવું જોઈએ ?

પ્રશ્નકર્તા : મમ્મીની.

પૂજ્યશ્રી : અને પપ્પા કમાઈને લાવે છે અને જો તને મોકલે તો તું કમાવા જાય ખરી ? તને કોઈ પૈસા આપે ખરા ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : તો પપ્પાને આપણાં કરતાં વધારે સમજણ હશેને ? એટલે આપણે મમ્મી પપ્પા કહેવાનું કે તમે જેમ કહો છો એવી રીતે હું કરીશ. આપણે શું વાંધો છે ? અત્યારથી જો મમ્મી પપ્પા મને સમજતાં નથી એવું માનીએને તો પછી બહુ દુઃખ રહે આપણાને અને ખરેખર મમ્મી પપ્પા તો તારા કલ્યાણ માટે અને તારા હિતને માટે જ બધું કરતાં હોય છે. તું માંદી પડું તો તરત તને સારા ડોકટર પાસે લઈ જાય સારામાં સારી દવા કરે. ગમે એટલા પૈસા ખર્ચ કરવા પડે તોય કરે છે ને એમને તારી માટે કેટલો બધો પ્રેમ છે ને ? એટલે આપણે એવું મનમાં નહીં સમજવાનું કે મમ્મી પપ્પા મને સમજતાં નથી. મમ્મી પપ્પાનો ઉપકાર માનવાનો અને એની વાતને સમજવાનો પ્રયત્ન કરવાનો. જેટલું સમજીને કરીશને એટલો તમેય આનંદ થશે અને મમ્મી પપ્પાનેય આનંદ થશે.

Akram Express

August 2012
Year : 4, Issue : 12
Conti. Issue No.: 48

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# પૂજ્યશ્રીની ગુરુ પૂર્ણિમા નિમિત્તે અમેરિકાની સત્સંગ યાત્રાની ઝલક

અમેરિકામાં પૂજ્યશ્રીનુ સ્વાગત....






ફીલાડેલ્ફીયામાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.



ગુરુ પૂર્ણિમાના દિવસે દાદાના દર્શન અને આરતી કરતા પૂજ્યશ્રી...



ક્રુઝમાં પૂજ્યશ્રી...



હેલીકોપ્ટરમાં પૂજ્યશ્રી...



<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.